GJKT120010882022

Presented on : 10-10-2022
Registered on : 10-10-2022
Decided on : 28-02-2025
Duration : 2 years, 4 months, 18 days

**IN THE COURT OF**
**ADDI CIVIL JUDGE & J.M.F.C**
**AT NALIA,KACHCHH**
**(Presided Over by A.D.PARMAR)**

**CC/872/2022**

**Exhibit No.**

Complainant(PROSECUTION):
GOVERNMENT OF GUJARAT
Through Police Station Officer JAKHAU POLICE STATION - KACHCHH DISTRICT

**VERSUS**

Accused:
1:DEVAJI VERASHI KOLI
ADDRESS :MAFATNAGAR,NALIYA,TA.ABDASA,DIST.KUTCH

2:MAHAMAD RAFIK ALIMAMAD KUMBHAR
ADDRESS : KUMBHAR FALIYU,NALIYA,TA.ABDASA
DIST.KUTCH

--------------------------------------------------------------------------------

APP for State Complainant}: APP,
Advocate I A KUNBHAR appearing for ALL ACCUSED

--------------------------------------------------------------------------------

**Offence punishable under : 379,114, of INDIAN PENAL CODE,**

**JUDGMENT**
**(Delivered on 28-02-2025)**

(૧) ફરીયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૩–૧૧–૨૧ ના કલાક ૧૪–૦૦ થી ૧૫–૦૦ દરમ્યાન મોજે ગામ વાંકુ તા. અબડાસા મુકામે આરોપી નં. ૧ એ પોતાના કબજાની ટ્રક ટાટા કંપનીન મોડલ નં. ૧૬૧૩ રજી.નં. જી.જે.૧૨.ઝેડ.૪૨૯૮ કિમત રૂા. ૩,૦૦,૦૦૦/– વાળી આરોપી નં

.ર ટ્રકના માલિકના કહેવાથી કોઈ પણ જાત રોયલ્ટી કે પાસ પરમીટ વગર વાંકુ ગામથી પુર્વ બાજુ આવેલ નાયરા નદીના પટમાંથી જે સરકારશ્રીની મીલ્કત હોય તેમાંથી આશરે ૧ર ટન રેતી (ખનીજ) જેની કમીત રૂા. ર૮૮૦/– ની ચોરી કરી એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ. સદર બનાવ બાબતની ફરીયાદ ફરીયાદીએ જખૌ પોલીસ સ્ટેશનમાં દાખલ કરાવતાં પોલીસે ગુન્હા રજીસ્ટર નં. ફર્સ્ટ ર૯૧/ર૧ થી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯,૧૧૪ અન્વયેનો ગુન્હો નોંધેલ છે. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ કરી આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપીને અટક કરેલ અને તેઓના વિરુધ્ધ પુરતા પુરાવા હોઈ તેઓ વિરુધ્ધનું હાલનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ.

(ર) ત્યારબાદ આ કામે આરોપી હાજર થતાં તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ,ની કલમ ર૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ હોવાની ખાત્રી કરવામાં આવેલ. ત્યારબાદ આ કામે આરોપી વિરુધ્ધ આંક–૩ થી તહોમતનામું ફરમાવી આંક–૪ તથા ૫ થી આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ટ્રાયલ દરમ્યાન ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબના મૌખીક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

- આંક–૮ થી ફરીયાદી નરેન્દ્રભાઈ રાતાભાઈ ઘરડાની જુબાની
- આંક–૧૧ થી પંચ ખેંગારજી જેઠુભા સોઢાની જુબાની
- આંક–૧૩ થી પંચ નિતેન્દ્રસિંહ રવુભા જાડેજાની જુબાની
- આંક–૧૪ થી ત.ક.અ. મયુર હર્ષભાઈ પટેલની જુબાની

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

- આંક–૯ થી ફરીયાદ
- આંક–૧ર થી પંચનામું

ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે પુરવો પુરો થયાનું જાહેર કરતાં આરોપીનું ક્રિમીનલ

પ્રોસીજર કોડની કલમ ૩૧૩ મુજબનું નિવેદન નોંધવામાં આવેલ જેમાં તેઓએ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૪) ત્યારબાદ આરોપી તરફે વ.શ્રી કુંભારની દલીલો સાંભળી.

(૫) ફરીયાદપક્ષના કેસની હકીકત તથા રેકર્ડ ઉપરના પુરાવાને ધ્યાનમાં લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદા ::–**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૩–૧૧–૨૧ ના કલાક ૧૪–૦૦ થી ૧૫–૦૦ દરમ્યાન મોજે ગામ વાંકુ તા. અબડાસા મુકામે આરોપી નં. ૧ એ પોતાના કબજાની ટ્રક ટાટા કંપનીન મોડલ નં. ૧૬૧૩ રજી.નં. જી.જે.૧૨.ઝેડ.૪૨૯૮ કિમત રૂા. ૩,૦૦,૦૦૦/– વાળી આરોપી નં.૨ ટ્રકના માલિકના કહેવાથી કોઈ પણ જાત રોયલ્ટી કે પાસ પરમીટ વગર વાંકુ ગામથી પુર્વ બાજુ આવેલ નાયરા નદીના પટમાંથી જે સરકારશ્રીની મીલ્કત હોય તેમાંથી આશરે ૧૨ ટન રેતી (ખનીજ) જેની કમીત રૂા. ૨૮૮૦/– ની ચોરી કરી એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯,૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયના કારણો અને તારણો નીચે મુજબ છે.

**નિર્ણયો:–**

(૧) નકારમા.

(૨) આખરી હુકમ મુજબ.

**::– કારણો ::–**

**મુદા નંબર ૧ :–**

(૭) મુદદા નં. ૧ નું સ્વરૂપ તથા હાલના આરોપી વિરુધ્ધના આક્ષેપોના સ્વરૂપને ધ્યાને લેતાં

તથા આરોપી સામેના આક્ષેપીત ગુન્હાની જોગવાઈઓના હાર્દને જોતાં હાલના આક્ષેપ મુજબનો ગુનો આરોપીએ કરેલ હોય તેવી બાબત પુરતા અને નિ:શંક પુરાવાથી પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષના શીરે છે. સદરહુ કામે પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલાં અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી વિરુધ્ધનો ગુન્હો જયાં સુધી નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે અને સાથે સાથે એક એવું પણ અનુમાન હોય છે કે જે સાહેદ કોર્ટ સમક્ષ સોગંદ ઉપર પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મુલ્યાંકન કરવા અં ગે કાયદામાં કોઈ માર્ગદર્શન આપવામાં આવેલ નથી પરંતુ દરેક કેસના અને હકીકતોના સંદર્ભે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહેલ છે અને પાયાના સુસ્થાપીત સિધ્ધાંતને ધ્યાને લઈને આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૮) આ કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે સૌપ્રથમ આંક–૮ થી ફરીયાદી નરેન્દ્રભાઈ રાણાભાઈ ઘરડા નાઓએ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, તા. ૧૩–૧૧–૨૧ ના રોજ તેઓ તથા પો.સ.ઈ. એમ.એચ.પટેલ તથા સ્ટાફના માણસો સરકારી બોલેરો વાહનથી જખૌ પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહી. તથા જુગારના કેસો શોધવા પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી મળેલ કે વાંકુ ગામથી પુર્વ બાજુ નાયરા નદીના પટમાં ઈસમો ગેરકાયદેસર રીતે ખીનજ ની ચોરી કરી રહેલ છે જેથી બે પંચોના માણસો બોલાવી હકીકતની સમજ કરી બાતમી વાળી જગ્યાએ પહોંચતા એક ટ્રક નં. જી.જે.૧૨.એ.ઝેડ.૪૨૯ વાળી રસ્તામાં સામે આવેલ જે ટ્રક ઉભી રખાવી ચાલકનું નામઠામ પુછતાં પોતાનું નામ દેવજી વેરશી કોલી હોવાનું જણાવેલ અને ટ્રકમાં જોતાં રેતી ભરેલ હોવાનું જણાવેલ જેથી પં ચો રુબરી રેતી બાબતે રોયલ્ટી કે મંજુરી હોય તો જણાવવાનુંક હેતાં ચાલકે પોતા પાસે તેવું કાંઈ નહીં હોવાનું જણાવેલ અને આ રેતી કોના કહેવાથી ભરેલ તે બાબતે પુછતાં માલીક મહમદ રફીક અલી કુંભાર ના રહેવાથી પોતે નદીના પટમાંથી રેતી ભરેલાનું જણાવેલ આમ ટ્રક ચાલકે ગેરકાદેસર રીતે ખનીજ ચોરી કરતાં મળી આવેલ હોય જેથી ટ્રક તથા રેતી પંચનામાની વિગતે કબજે કરેલ અને ટ્રક ચાલક તથા માલિક વિરુધ્ધ ફરીયાદ આપેલ અને ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવતાં ફરીયાદ આંક–૯ થી રજુ થયેલ છે.

બચાવપક્ષે ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, પેટ્રોલીંગ દરમ્યાન વપરાયેલ સરકારી વાહનના રજી.નંબર તેમજ ડ્રાયવરની વિગત અમોએ ફરીયાદમાં જણાવેલ નથી, અમારી હાજરીમાં સરકારી વાહનની લોગબુક કોઈએ નોંધ કરેલ હોય તેવું ફરીયાદમાં જણાવેલ નથી, કોઈ પણ કોગ્નીઝીબલ ગુનાની માહીતી મળે તો સી.આર.પી.સી. કલમ ૧૫૪ ના ફોર્મમાં નોંધવી પડે,કહેવાતો

આઈ.પી.સી. કલમ ૩૭૯ વાળો ગુનો એ કોગ્નીઝીબલ ગુનો છે, અમોએ કોઈ માહીતી સી.આર.પી.સી. કલમ ૧૫૪ ના ફોર્મમાં નોંધેલ નથી, અમારી ફરીયાદમાં પંચોના નામઠામ સરનામા કયાંય જણાવેલ નથી, પંચનામું કેટલા વાગ્યે શરું થયેલ અને કેટલા વાગ્યે પુરું થયેલ તે ફરીયાદમાં જણાવેલ નથી, કહેવાતા બનાવાવળી જગ્યાએ સીમાડામાં આવેલ છે અને ત્યાં માણસ કે વાહન સહેલાઈથી અવરજવર કરી શકે છે, બાતમી અમોને લેખીતમાં મળેલ કે મૌખિક મળેલ તે ફરીયાદમાં જણાવેલ નથી, કહેવાતા બનાવાની નોંધ અમોએ અમારી પેટ્રોલીંગ બુકમાં નોંધી તપાસ કરનાર અમલદારને આપેલ હોય તેવું બનેલ નથી, કહેવાતા બનાવની ફરીયાદ પહેલા અમોએ સંબંધીત ખાતું એટલે કે ખાણ ખનીજ ખાતાને જાણ કરેલ નથી. આ સીવાય બચાવપક્ષના અન્ય સજેશનોનો ઈન્કાર કરેલ છે.

(૯) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૧ થી પંચ ખેંગારજી જેઠુભા સોઢા નાઓએ તથા આં ક–૧૩ થી પંચ નિતેન્દ્રસિંહ રવુભા જાડેજા નાઓએ જુબાની આપી પંચનામામાં તેમની સહી ઓળખી બતાવતાં પંચનામું આંક–૧૨ થી રજુ થયેલ છે. આ પંચોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી.

બચાવપક્ષે ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, તૈયાર પંચનામામાં સહી કરવા સીવાય પં ચનામાની વિગત બાબતે અમોને કોઈ જાણકારી નથી.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૪ થી ત.ક.અ. મયુર હર્ષદભાઈ પટેલ નાઓએ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, તા. ૧૩–૧૧–૨૧ ના રોજ જખૌ પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા દરમ્યાન જખૌ પો.સ્ટે. વિસ્તરમાં પેટ્રોલીંગમ્રૂં હતા ત્યારે વાંકુ ગામની સીમમાં એક ટ્રક જેના રજીનં. જી.જે.૧૨.ઝેડ.૪૨૯૮ વાળીને અટકાવી તેની પુછપરછ કરતાં તેમાં આશરે ૧૨ ટન રેતી ભરેલ હોય તેના ડ્રાયવર દેવશી વેરશી કોલી કયાંથી લાવ્યા તે અંગે પુછપરછ કરતાં તેણે નાયરા નદીના પટમાંથી આ રેતી લીધેલ હોય આમ સરકારી જગ્યામાંથી તેણે રેતીની ચોરી કરેલાનું જણાવતાં આ બાબતે વિગતવારનું પંચનામું કરી હે.કો. નરેન્દ્રભાઈ ઘરડા નાઓએ ફરીયાદ લઈ ગુનો રજી કરાવેલ બાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન લેવામાં આવેલ અને ટ્રકના ડ્રાયવર અને માલિકની અટક કરવામાં આવેલ અને તમો તહોમતદાર વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ.

બચાવપક્ષે ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, પેટ્રોલીંગ દરમ્યાન વપરાયેલ સરકારી વાહન ના રજી.નંબર તેમજ ડ્રાયવરની વિગત નોંધેલ હોય તેવું અમારી તપાસમાં ખુલેલ નથી, અમારી હાજરીમાં સરકારી વાહનની લોગબુક કોઈએ નોંધ કરેલ હોય તેવું મારી તપાસમાં ખુલેલ નથી, કોઈ પણ કોગ્નીઝેબલ ગુનાની માહિતી મળે તો સી.આર.પી.સી. કલમ ૧૫૪ ના ફોર્મમાં નોંધવી પડે,કહેવાતો

આઈ.પી.સી. કલમ ૩૭૯ વાળો ગુનો એક કોગ્નીઝીબલ ગુનો છે, અમોએ કોઈ માહીતી સી.આર.પી.સી. કલમ ૧૫૪ ના ફોર્મમાં નોંધેલ નથી, કહેવાતા બનાવવાળી જગ્યાએ સીમાડામાં આવેલ છે અને ત્યાં માણસ કે વાહન સહેલાઈથી અવર જવર કરી શકે છે, બાતમી ફરીયાદીને લેખીતમાં મળેલ કે મૌખીક મળેલ તેવું તપાસમાં ખુલેલ નથી, કહેવાતા બનાવની નોંધ અમોએ અમારી પેટ્રોલીંગ બુકમાં નોંધી ચાર્જશીટ સાથે રજુ કરેલ હોય તેવું બનેલ નથી, કહેવાતા બનાવની ફરયાદ પહેલા આ કામના ફરીયાદીએ સંબંધીત ખાતું એટલે કે ખાણ ખનીજ ખાતાને જાણ કરેલ છે કે કેમ તેવું તપાસમાં જણાયેલ નથી, અમોએ કોઈ મજુરોના નિવેદન લીધેલ નથી, મજુરો કોણ હતા તથા કયાના હતા તેવું તપાસમાં ખુલેલ નથી. આ સીવાય બચાવપક્ષના અન્ય સજેશનોનો ઈન્કાર કરેલ છે.

(૧૧) આમ, આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી તથા ત.ક.અ.એ ચોરી થયેલાની હકીકતને સમર્થન આપતો પુરાવો આપેલ છે પરંતુ ચોરીમાં ગયેલ મુદામાલ આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ હોય તે હકીકતોને સ્વતંત્ર પંચ સાહેદોએ સમર્થન આપેલ નથી. આમ, ફરીયાદપક્ષે તપાસેલ રીકવરી પં ચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા પરથી આરોપીઓ ધ્વારા રેતી ચોરી કરવામાં આવેલ હોય તેવી હકીકત રેકર્ડ પર નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આમ, ફરીયાદપક્ષ ધ્વારા રજુ થયેલ પુરાવા પરથી ફરીયાદ મુજબના બનાવમાં હાલના આરોપીઓની સંડોવણી શંકાસ્પદ જણાય છે. આમ, ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સં હીતાની કલમ ૩૭૯,૧૧૪ મુજબનો આરોપ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય તેવું મારું સ્પષ્ટ માનવું છે.

(૧૨) ફોજદારી ન્યાયના સિધ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ સબળ અને કડીબધ્ધ પુરાવાથી પુરવાર કરવો જોઈએ અને જો પુરાવાની એક પણ કડી તુટતી હોય તો આરોપીને ગુના સાથે સાં કળી તકસીરવાન ઠરાવી શકાય નહીં. આમ, આ કામે રજુ થયેલ પુરાવાથી આરોપીએ ફરીયાદીનું વાહન ચોરી કરેલ હોય તેવી ફરીયાદપક્ષના કેસની હકીકત નિ:શંકપણે પુરવાર થયેલ નથી. આમ, ફરીયાદ મુજબનો ગુન્હો આરોપીએ જ કરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર થતી ન હોવાનું મારું માનવું છે.આમ, આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા આરોપીને ગુના સાથે સાંકળવા પુરતા નથી. જે કાર્યવાહીથી આરોપી વિરુધ્ધ ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે તે નિ:શંકપણે સાબિત થયેલ નથી

તે સંજોગોમાં આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુન્હો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ હોય શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર હોઈ,આરોપીને સજા થઈ શકે નહીં તેવું મારું માનવું છે. તે સં જોગોમાં મારા નિર્ણય માટેના મુદા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં. ૨ લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

::– **હુકમ** ::–

(૧) આ કામનાં આરોપી **(૧) દેવજી વેરશી કોલી,**રહે. મફતનગર,નલીયા,તા.અબડાસા–કચ્છ **(૨) મહમદરફીક અલી મામદ કુંભાર,**રહે. કુંભાર ફળીયું,નલીયા,તા.અબડાસા–કચ્છને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે આઈ.પી.સી.ની કલમ– ૩૭૯,૧૧૪ મુજબ શિક્ષાને પાત્ર એવા ગુન્હાઓમાંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે થયેલ મુદામાલ વાહન અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો તેવો હુકમ થયેલ ન હોય તો વાહન તેની માલિકીપણાની ખાતરી કરી ખરા માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ, આ કામે કબજે કરવામાં આવેલ રેતી (ખનીજ) સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીઓ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(અ) ની જોગવાઈઓ મુજબ આરોપીએ **રૂા.૫,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા)** નાં જાતમુચરકો રજુ કરવાનો પણ આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા:૨૮/૦૨/૨૦૨૫
નલીયા–કચ્છ

**(એ.ડી.પરમાર)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
નલીયા–કચ્છ
**GJ01359**